21

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો
તથા આર્થિક રીતે પછાતવર્ગોના
ઉમેદવારોને રોજગાર પૂર્વે તાલીમ
<u>આપવાની યોજના.</u>

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- બકર-૧૩૭૯--૨૬૭૯૭-છ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧-૪-૧૯૭૯.

<u>વંચાણમાં લીધા</u> :-

:૧: મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૯-૭-૭૮ નો ઠરાવ ક્રમાંક:- બકર-૧૩૭૮--૪૨૮૩૦-છ,

:૨: સમાજ કલ્યાણ નિયામકશ્રીની તા. ૨-૩-૭૯ નો પત્ર ક્રમાંક:- સક-તા.કે. ૭૯/૯૫.

<u>ઠ રા વ</u> :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોના ઉમેદવારોને રોજગાર પૂર્વે તાલીમ આપવાની યોજનાને મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૯-૭-૭૮ના ઠરાવ ક્રમાંક:- બકર-૧૩૭૮--૪૨૮૪૯-છ, અન્વયે મંજુરી આપવામાં આવી છે. ઉપરોકત યોજના અન્વયે અમદાવાદ ખાતે પૂર્વે પરીક્ષા તાલીમ કેન્દ્ર શરુ કરાવવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં એસ.એસ.સી. પાસ થયેલા ઉમેદવારો માટે ત્રણ માસના અને સ્નાતક ( ગ્રેજ્યુએટ ) થયેલા ઉમેદવારો માટે છ માસના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. એસ. એસ.સી. પાસ થયેલા ઉમેદવારો માટે જે ત્રણ માસનો તાલીમ વર્ગ છે, તેને આથી ચાર માસ સુધી ચલાવવાની પ્રસ્તાવની મંજુરી આપવામાં આવે છે.

૨. આ ઠરાવ, આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૩૧-૩-૭૯ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુ.ભૂ.બક્ષી )
સેકશન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ,

( વધારાની પાંચ નકલો સાથે )

સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેકટર-૧૬, ગાંધીનગર,

મહાલેખાધિકારી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ,

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ,

સ્થાનિક તપાસણી અધિકારી, અમદાવાદ,

નાણા શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

'બ' શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

વિશિષ્ટ ફાઇલ.